GJSK020007312024

## ફોજદારી કેસ નંબર : ૪૯૮ / ૨૦૨૪.

## આંક : ૦૧ લગત હુકમ

(૧) સદર કામે ફરીયાદી તરફે આંક–૧૭ થી વીથડ્રો પુરસીસ રજુ કરી ફરીયાદ પાછી ખેંચી લેવાનુ અને સદરહું ફરીયાદ આગળ ચલાવવા માંગતા ન હોવાનુ અને પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ હોવાનુ જાહેર કરેલ છે. આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટ દવારા સંજાબીજ તારી વિરુધ્ધ કિશોર ક્રિમીનલ અપીલ નંબર ૧૭૫૫/૨૦૧૦ ના કામે તા.૨૫/૯/૨૦૨૫ ના રોજ કરેલ હુકમના અનુસંધાને નામદાર વડી અદાલતના સરકયુલર નંબર ડી–૨૯૧૩/૨૦૨૬ તા.૫/૨/૨૦૨૬ ના અનુસંધાને પેરા–આઈ (A) થી પ્રસ્થાપિત કરેલ માર્ગદર્શિકા ધ્યાને લેતાં સદરહુ કેસમાં આરોપી પક્ષે ફરીયાદીના પ્લીના સ્ટેજે ચેકની રકમ સબંધે સમાધાન કરેલ હોવાનુ રેકર્ડ પરથી અભિપ્રેત થતુ હોય જેથી આક્ષેપિત ગુનો સમાધાનલાયક હોય અને રેકર્ડ ધ્યાને લેતાં આરોપી પક્ષને પેનલ્ટી નો હુકમ કરવો ન્યાયોચિત જણાતુ ન હોય જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

આંક–૧૭ ની પુરસીસ ધ્યાને લેતાં ક્રિ. પ્રો. કોડની કલમ – ૨૫૭ મુજબ ફરીયાદ પરત ખેંચવાની પરવાનગી આપી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ તથા પેનલ્ટી સંબંધે હુકમ નથી.

હુકમ આજ તારીખ : ૨૦મી, માહે : જુન, સને : ૨૦૨૬ ના રોજ ( કાયમી લોક અદાલત ) ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ : હિંમતનગર, જી. સાબરકાંઠા.
તારીખ : ૨૦/૦૬/૨૦૨૬.

**( શ્રી જે. વી. પરમાર )**
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
હિંમતનગર, જી. સાબરકાંઠા.
( જજ કોડ – જી.જે.૦૧૦૨૧ )